# પંચમહાલ-દાહોદ જિલ્લામાં પેટ્રોલ-ડીઝલ ભરાવવા લાંબી કતારો

(પ્રતિનિધિ,) જાંબુઘોડા, દાહોદ, સિંગવડ, કાલોલ, તા.24

હાલ સોશિયલ મીડિયા ઉપર પેટ્રોલ પેદાશો ઉપર વિવિધ પ્રકાર ની ટિપ્પણી ઓ ના પગલે ગુજરાત ના અનેક શહેરો માં પેટ્રોલ પંપ ઉપર પેટ્રોલ અને ડીઝલ લેવા માટે મોડી રાત સુધી લોકો ની પેટ્રોલ અને ડીઝલ લેવા માટે ભાગદોડ જોવા મળી હતી હાલ ચાલી રહેલા ઈરાન, ઈઝરાયેલ, અને અમેરિકા યુદ્ધની પરિસ્થિતિ ને પગલે ઈંધણ ની સપ્લાય ઉપર અસર પડશે તેવી અફવા ઓ ના પગલે સોશિયલ મીડિયા ઉપર પેટ્રોલ અને ડીઝલ ની અછત સર્જાય તેમજ પેટ્રોલ,ડીઝલ મોઘા થવાની અફવા ઓ ફેલાતા સમગ્ર પંચમહાલ-દાહોદ જિલ્લામાં આસપાસ ની તમામ પ્રજા રાત્રિના સમયે પેટ્રોલ લેવા માટે વિવિધ પેટ્રોલ પંપો ઉપર પોતાના વાહનો લઈને દોડી આવ્યા હતા અને પોતાના વાહનો ની ટાંકીઓ પેટ્રોલ ડીઝલ થી ફૂલ કરી દેવામાં આવી હતી જ્યારે કેટલાક લોકો દ્વારા તો પોતાના વાહનો ની ટાંકી ઓ ફૂલ કરાવ્યા છતાં પણ પેટ્રોલ ડીઝલ નહીં મળે તેવું સમજી કારબા લઈ ને લાંબી લાંબી લાઈનો લગાવી દીધી હતી

## સિંગવડમાંપેટ્રોલઅનેડીઝલલેવા માટે લોકોની લાંબી કતારો લાગી



**સિંગવડ :** સોશિયલ મીડિયા ઉપર પેટ્રોલ અને ડીઝલ ની અછત સર્જાય તેમજ પેટ્રોલ, ખૂટી પડવાની અફવાઓ ફેલાતા સિંગવડ તાલુકાની આસપાસની તમામ પ્રજા રાત્રિના સમયે પેટ્રોલ લેવા માટે સિંગવડ નગર ખાતે આવેલા કંચન ધારા પેટ્રોલ પંપ ઉપર પોતાના વાહનો લઈને દોડી આવ્યા હતા અને પોતાના વાહનો ની ટાંકીઓ પેટ્રોલ ડીઝલ થી ફૂલ કરી દેવામાં આવી હતી જ્યારે કેટલાક લોકો કારબા લઈને લાંબી લાંબી લાઈનો લગાવી દીધી હતી જ્યારે સિંગવડના પેટ્રોલ પંપો ઉપર પેટ્રોલ ડીઝલ લેવા માટે ઉમટી પડેલી ભારે ભીડ ના કારણે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે રણધીપુર પોલીસ દ્વારા પેટ્રોલ પંપો ઉપર આવી પહોંચી હતી.

## કાલોલના નગરના મુખ્યમાર્ગો પર પેટ્રોલ પંપો પર ગ્રાહકોનો ઘસારો



**કાલોલ :** કાલોલ શહેરમાં મોડી રાત્રે પેટ્રોલ અને ડીઝલની તંગી સર્જાવાની આશંકા અને સોશિયલ મીડિયા પર વહેતી થયેલી વિવિધ અફવાઓને પગલે ભારે નાસભાગ જેવો માહોલ જોવા મળ્યો હતો. સાંજ પડતા જ કાલોલ શહેર સહિત સમગ્ર તાલુકા ના મુખ્ય માર્ગો પર આવેલા તમામ પેટ્રોલ પંપો પર વાહનચાલકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા, જેના કારણે અફરાતફરી જેવી સ્થિતિ સર્જાઈ હતી. છેલ્લા કેટલાક કલાકોથી સોશિયલ મીડિયામાં મેસેજ વાયરલ થયા હતા કે આગામી દિવસોમાં હડતાલ અથવા સપ્લાયમાં વિક્ષેપને કારણે પેટ્રોલ-ડીઝલ મળવું મુશ્કેલ બનશે. આ વાત વાયુવેગે પ્રસરતા લોકોમાં ગભરાટ ફેલાયો હતો.

## જાંબુઘોડામાં મોડી રાત સુધી પેટ્રોલ લેવા લોકોને કારબા લઈને દોડ્યા



**જાંબુઘોડા :** ઈરાન, ઇઝરાયેલ, અને અમેરિકા યુદ્ધની પરિસ્થિતિ ને પગલે ઈંધણ ની સપ્લાય ઉપર અસર પડશે તેવી અફવા ઓ ના પગલે સોશિયલ મીડિયા ઉપર પેટ્રોલ ની અછત સર્જાય તેમજ પેટ્રોલ,ડીઝલ મોઘા થવાની અફવા ઓ ફેલાતા જાંબુઘોડા તાલુકા ની તમામ પ્રજા રાત્રિના સમયે પેટ્રોલ લેવા માટે જાંબુઘોડા ખાતે આવેલા પેટ્રોલ પંપો ઉપર પોતાના વાહનો લઈને દોડી આવ્યા હતા અને પોતાના વાહનો ની ટાંકીઓ પેટ્રોલ ડીઝલ થી ફૂલ કરી દેવામાં આવી હતી જ્યારે કેટલાક લોકો દ્વારા તો પોતાના વાહનો ની ટાંકી ઓ ફૂલ કરાવી છતાં પણ પેટ્રોલ ડીઝલ નહીં મળે તેવું સમજી કારબા લઈ ને લાંબી લાંબી લાઈનો લગાવી દીધી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### સિંગવડમાં સરકારી તંત્ર દ્વારા સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ભવાઈ દ્વારા લોકજાગૃતિ ફેલાવાઇ



**સિંગવડ :** સિંગવડ નગર ખાતે આજરોજ સરકારી તંત્ર દ્વારા સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ભવાઈના માધ્યમથી લોકોને સ્વચ્છતા રાખવા માટે જાગૃત કરવામાં આવ્યા હતા જેમાં સિંગવડ તલાટી તથા તાલુકા પંચાયત સિંગવડ સ્વચ્છ મિશન ના અધિકારીઓ દ્વારા સિંગવડ બજારમાં ભવાઈના માધ્યમથી લોકોને પોતાનું ઘર અને પોતાનું ગામ સ્વચ્છ રાખવા માટે જણાવ્યું હતું જ્યારે સરકાર દ્વારા અવારનવાર આવા ભવાઈના માધ્યમથી કાર્યક્રમો કરીને લોકોને જાગૃત કરવામાં આવે છે

### દાહોદની પૂર્વ પ્રાથમિક શાળામાં નર્સરી તથા બાલમંદિરના ભૂલકાઓ દ્વારા સહાયક દિવસની ઉજવણી



**દાહોદ :** સ્વનિર્ભર પૂર્વ પ્રાથમિક શાળામાં નર્સરી તથા બાલમંદિર ના નાના નાના ભૂલકાઓ દ્વારા સહાયક દિવસ ( helper day) ની ઉજવણી કરવામાં આવી. જેમાં આપણી જીવનશૈલી માં રોજબરોજના કામ કરવામાં ઉપયોગી આપણા સહાયકો જેવાકે, શાકવાળી, દૂધવાળો, ડોક્ટર, શિક્ષક, સફાઈકર્મી, પોલીસ, સૈનિક, પ્રેસ રિપોર્ટર, ફોટોગ્રાફર, ખેડૂત, છાપાવાળા, દરજી, વાળંદ, કુંભાર, મોચી, માછીમાર, ધોબી, માળી જેવા સહાયકો આપણા જીવન માં કેટલા ઉપયોગી છે તે તથા આપણે તેમની સાથે રહીને આપણા જીવન ને કેટલું સરળ બનાવી શકીએ છીએ તથા તે સહાયકો આપણે કેટલા ઉપયોગી છે તેની સમજ આપવામાં આવી. તથા નાટક, પરિચય અને નૃત્ય દ્વારા પ્રદર્શિત કરવામાં આવ્યું આ તકે મુખ્ય મેહમાન તરીકે શ્રીમતી શીલાબેન શેઠ ઉપસ્થિત રહ્યા હતા.

### સબ જેલ દાહોદ ખાતે વિશ્વ ક્ષય દિવસ નિમિત્તે વિશાળ હેલ્થ કેમ્પ યોજાયો



**દાહોદ :** વિશ્વ ક્ષય દિવસ (World TB Day) ની ઉજવણી નિમિત્તે દાહોદ જિલ્લાના સબ જેલ ખાતે આરોગ્ય વિભાગ દ્વારા હેલ્થ કેમ્પ અને જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દિશા ડાપકુ યુનિટ દાહોદ, તાલુકા હેલ્થ ઓફિસ દાહોદ, ટી.બી. વિભાગ, આઈ.સી.ટી.સી. દાહોદ તથા પ્રિઝન પ્રોગ્રામના સંયુક્ત સહયોગથી સફળતાપૂર્વક યોજાયો હતો. કાર્યક્રમનો મુખ્ય હેતુ કેદીઓમાં ટી.બી., એચઆઈવી/એઈડ્સ તથા અન્ય ચેપીરોગો અને બિન ચેપીરોગો અંગે જાગૃતિ ફેલાવવાનો અને સમયસર નિદાન દ્વારા આરોગ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવાનો હતો. કાર્યક્રમ દરમિયાન નિષ્ણાતો દ્વારા ટી.બી.ના લક્ષણો, નિવારણ, સમયસર સારવારનું મહત્વ તેમજ "ટીબી મુક્ત ભારત" અભિયાન અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

### વિકાસના નામે ગોધરાના પઢીયાર ગામમાં સરકારી નાણાંનો સરેઆમ દુરુપયોગ

## હલકી ગુણવત્તાના મટીરીયલથી વર્ષ પૂરું થયા પહેલા જ બાંધકામ જર્જરિત!

ગ્રામજનો દ્વારા રાજ્ય તકેદારી આયોગમાં લેખિત ફરિયાદ કરવાની તજવીજ!



(પ્રતિનિધિ) ગોધરા, તા.25

ગુજરાત પંચાયત અધિનિયમની કલમ ૩૦ અને ૩૨ના સરેઆમ છેદ ઉડાડી પઢીયારમાં નાળાના કામમાં નાણાં આપનાર અને લેનાર બંને સરપંચ પોતે જ હોવાનો ડિજિટલ પુરાવો સામે આવ્યોપ કેન્દ્ર અને રાજ્ય સરકાર જ્યારે વિકસિત ભારત 2047 નું સ્વપ્ન સાકાર કરવા મથી રહી છે અને સામાન્ય માણસને રસ્તા, પાણી, શિક્ષણ તથા આરોગ્ય જેવી પાયાની જરૂરિયાતો પૂરી પાડવા રાત-દિવસ કાર્યરત છે. ત્યારે પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાનું પઢીયાર ગામ સરકારી નાણાંના સરેઆમ દુરુપયોગ અને અત્યંત નબળી કામગીરીને કારણે ભારે ચર્ચામાં રહ્યું છે. પઢીયાર ગામે સ્મશાન રોડ પર અવર-જવર માટે બનાવેલા નાળાના કામમાં થયેલી ગંભીર ગેરરીતિઓએ વહીવટી તંત્રની પારદર્શિતા સામે મોટા સવાલો ઉભા કર્યા છે. આ નાળાનું કામ પૂર્ણ બતાવીને ડિસેમ્બર 2025 માં અંદાજે 2,83,430/- નું પેમેન્ટ પણ ચૂકવી દેવામાં આવ્યું છે. પરંતુ આશ્ચર્યની વાત એ છે કે નાળું બન્યાને હજુ એક વર્ષ પણ પૂર્ણ થયું નથી ત્યાં તેની હાલત જર્જરિત થઈ ગઈ છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, પાયા વગર અને અત્યંત હલકી ગુણવત્તાનું મટીરીયલ વાપરીને માત્ર પૈસા કમાવવાના હેતુથી આ કામ કરવામાં આવ્યું છે. જે ગમે ત્યારે બેસી જવાની કે ચોમાસાના સામાન્ય વરસાદમાં પણ તણાઈ જવાની પૂરેપૂરી સંભાવના છે. જે વાહનચાલકો અને ગ્રામજનો માટે જીવલેણ સાબિત થઈ શકે તેમ છે.

## દ્રષ્ટિ નેત્રાલય દાહોદ ખાતે મોતિયાના મફત ઓપરેશન કેમ્પનુ આયોજન

(પ્રતિનિધિ) દાહોદ, તા.25

દ્રષ્ટિ નેત્રાલય આંખની હોસ્પિટલ દાહોદ દ્વારા તારીખ ૨૦-૦૩-૨૦૨૬ થી ૨૦-૦૪-૨૦૨૬ સુધી દ્રષ્ટિ નેત્રાલય દાહોદ ખાતે મોતિયાના મફત ઓપરેશન કેમ્પનુ આયોજન કરવામાં આવેલ છે રોજ સવારના 8 વાગ્યાથી બપોરના 1:00 વાગ્યા સુધી દ્રષ્ટિ નેત્રાલય આંખની હોસ્પિટલ ચાકલીયા રોડ દાહોદ જીઆઈડીસી પાસે મોતિયાના મફત તપાસ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે આ નેત્રયજ્ઞ દાહોદ શહેર અને આસપાસના ગામોના ગરીબ અને જરૂરિયાતવાળા લોકો લાભ લે તે માટે અભિયાન હાથ ધરવામાં આવ્યું છે આ નિદાન કેમ્પમાં મોતિયા ઝામર ત્રાંસી આંખ પડદા પરવાળા બાળ મોતીયા તમામ આંખની તકલીફ વાળા દર્દીઓની તપાસ કરી દ્રષ્ટિ નેત્રાલય ખાતે ઓપરેશન વાળા દર્દીઓ માટે જમવાનું રહેવાનું તેમજ નેત્રમણી સાથે અત્યંત આધુનિક અને અધતન સગવડો થી સુસજ્જ દ્રષ્ટિ નેત્રાલય ખાતે મફત ઓપરેશન કરવામાં આવશે.

### હાલોલમાં અસામાજિક તત્વોનુ વધતુ દુષણ ડામવાનો પ્રયાસ

## ક્ષત્રિય કરણી સેનાએ પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપ્યું



(પ્રતિનિધિ) હાલોલ, તા.25

પંચમહાલમાં છેલ્લા કેટલાક સમયથી હાલોલ તથા આસપાસના વિસ્તારોમાં અસામાજિક તત્વોની વધતી જતી પ્રવૃત્તિઓને કારણે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે ગંભીર ચિંતાઓ ઉભી થઈ છે. હિંસા, ધમકી, જાહેરમાં નશાની હાલતમાં ઉદ્ધત વર્તન, ગાળાગાળી અને શાંતિ ભંગની ઘટનાઓમાં સતત વધારો નોંધાતા સામાન્ય નાગરિકોમાં ભયનો માહોલ વ્યાપી ગયો છે.

સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, જાહેર સ્થળોએ ગુંડાગીરી અને અશાંતિના બનાવો હવે સામાન્ય બનતા જઈ રહ્યા છે, જેના કારણે લોકોના દૈનિક જીવન પર પણ અસર પડી રહી છે. ખાસ કરીને સાંજ પછીના સમયમાં પરિવાર સાથે બહાર નીકળવું પણ લોકો માટે મુશ્કેલ બની રહ્યું છે. ચોંકાવનારી બાબત એ છે કે આવા અસામાજિક તત્વોમાં કાયદાનો કોઈ ભય રહ્યો નથી અને તેઓ બેફામ રીતે પોતાની પ્રવૃત્તિઓ ચાલુ રાખી રહ્યા છે. આ પરિસ્થિતિને લઈને આજે હાલોલ ક્ષત્રિય કરણી સેના દ્વારા પ્રાંત અધિકારીને લેખિત આવેદનપત્ર આપીને તાત્કાલિક કડક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી.

### 'હિન્દ બ્રિક્સ'ના માલિક સામે બાળ શ્રમ કાયદા હેઠળ ગુનો દાખલ

## કાલોલના ફતેપુરીમાં ઈંટોના ભઠ્ઠા પર શ્રમ વિભાગનો દરોડો : બે બાળ શ્રમિકો મુક્ત કરાયા



(પ્રતિનિધિ) 456, તા.2

પંચમહાલ જિલ્લામાં બાળ મજૂરી નાબૂદી અભિયાન હેઠળ જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં રચાયેલી જિલ્લા બાળ મજૂર ટાસ્ક ફોર્સ દ્વારા કાલોલ તાલુકાના ફતેપુરી ગામે આવેલી ઈંટોના ભઠ્ઠા પર દરોડો પાડીને બે બાળ શ્રમિકોને મુક્ત કરવામાં આવ્યા હતા. અત્યંત કાળઝાળ ગરમી વચ્ચે મજૂરી કરતા 10 વર્ષીય એક બાળક અને 14 વર્ષીય એક તરુણને સ્થળ પરથી બચાવી સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.

પંચમહાલ જિલ્લા સરકારી શ્રમ અધિકારી પ્રિયંકાબેન બારીયા, મદદનીશ શ્રમ અધિકારી, સામાજિક કાર્યકર જનકભાઈ પરમાર, ગ્રામ વિકાસ ટ્રસ્ટ (ગોધરા)ના પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર મીનાક્ષીબેન વણકર તથા પોલીસ કોન્સ્ટેબલ પ્રકાશભાઈની સંયુક્ત ટીમે કાલોલના ફતેપુરી સ્થિત 'હિન્દ બ્રિક્સ' ઈંટોના ભઠ્ઠા પર તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન બાળ મજૂરીનો ભાંડો ફૂટતા બંને બાળકોને તાત્કાલિક શ્રમમાંથી મુક્ત કરાવવામાં આવ્યા હતા.

મુક્ત કરાયેલા બાળકોના નિવેદનો લઈ તેમને ચિલ્ડ્રન હોમ (બાળ અદાલત), ગોધરા ખાતે સોંપવામાં આવ્યા છે. બીજી તરફ, ભઠ્ઠાના માલિક ઉમ્મીદ નસરુલ્લા ખાન (રહે. બાશા પાર્ક, પાવાગઢ રોડ, હાલોલ) સામે બાળ અને તરુણ શ્રમ (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

જિલ્લા વહીવટી તંત્રની આ કડક કાર્યવાહીથી વિસ્તારમાં બાળ મજૂરી કરાવતા તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

## ખાનપાટલાની બી.બી. પટેલ મા.શાળા ખાતે શહિદ દિવસ ઉજવાયો




(પ્રતિનિધિ) ગોધરા, તા.25

ઘોઘંબા તાલુકાના ખાનપાટલા સ્થિત બી.બી.પટેલ માધ્યમિક શાળા ખાતે શહીદ દિવસ નિમિત્તે દેશભક્તિના માહોલમાં વિશેષ કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવી હતી. મેરા યુવા ભારત ગોધરા દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં દેશની આઝાદી માટે પ્રાણોની આહુતિ આપનાર શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા માટે એક વિશાળ પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં યુવાનો અને ગ્રામજનો જોડાયા હતા.

### વૃદ્ધાને સારવાર અર્થે નજીકના દવાખાને લઇ જવાયા હતા

## ઝાલોદ તાલુકાના સાપોઈ ગામે વાહનની ટક્કરે વૃદ્ધાનુ મોત

(પ્રતિનિધિ) દાહોદ, તા.25

ઝાલોદ તાલુકાના સાપોઈ ગામે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં પુરપાટ દોડી આવતી મોટરસાયકલે પગપાળા જઈ રહેલ સારમારીયા ગામની ૬૫ વર્ષીય વૃદ્ધાને ગંભીર ઈજાઓ થતાં તેનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યાનું સત્તાવાર રીતે જાણવા મળ્યું છે. પ્રાપ્ત વિગત અનુસાર એક મોટરસાયકલ ચાલક તેના કબજાની જીજે ૨૦ બી.એમ.-૮૮૬૯ નંબરની મોટરસાયકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ આવી સાપોઈ ગામે રોડની સાઈડમાં ચાલીને જઈ રહેલ ગોવિંદગુરુ લીમડી તાલુકાના સારમારીયા ગામના પટેલ ફળિયામાં રહેતી ૬૫ વર્ષીય ગુરકીબેન લાલજીભાઈ ફતાભાઈ વસૈયાને અડફેટમાં લઈ રોડ પર પાડી દઈ નાસી જતા વૃદ્ધા ગુરકીબેન વસૈયા ને ડાબા પગે તથા શરીરે ગંભીર ઈજાઓ થતાં તેઓને સારવાર અર્થે ઝાલોદ સરકારી દવાખાને ખસેડવામાં આવી હતી. જ્યાં તેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ સંબંધે મરણ જનાર ગુરકી બેન લાલજીભાઈ વસૈયાના પુત્ર ૩૫ વર્ષીય અરવિંદભાઈ લાલજીભાઈ વસૈયાએ ઝાલોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા, ઝાલોદ પોલીસે આ મામલે મોટરસાયકલ ચાલક વિરુદ્ધ ફેટલનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

## કાલોલ પોલીસ સ્ટેશન ખાતે રામનવમી તહેવાર નિમિત્તે શાંતિ સમિતિની બેઠક યોજાઈ



(પ્રતિનિધિ) કાલોલ, તા.24

આગામી પવિત્ર રામનવમી ના તહેવારની સમગ્ર પંથકમાં હર્ષોલ્લાસ સાથે ઉજવણી થવાની છે, ત્યારે આ ઉજવણી શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય અને કાયદો તથા વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે હેતુથી કાલોલ પોલીસ સ્ટેશનમાં એક મહત્વની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠક કાલોલના સિનિયર પીએસઆઈ એલ. એ. પરમાર ના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવી હતી.રામનવમીના તહેવાર દરમિયાન નગરમાં કોમી એકતા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે આગોતરું આયોજન ની વિચારણા કરવામાં આવી આ બેઠકમાં હિન્દુ-મુસ્લિમ બંને કોમના અગ્રણીઓ, સામાજિક કાર્યકરો અને સ્થાનિક આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. બેઠક દરમિયાન પીએસઆઈ પરમારે ઉપસ્થિત તમામ આગેવાનોને સંબોધતા જણાવ્યું હતું કે, તહેવારો એ પરસ્પર ભાઈચારાનું પ્રતિક છે. શોભાયાત્રાના રૂટ, ટ્રાફિક નિયમન અને સુરક્ષા વ્યવસ્થા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

## ભવ્ય અને ઐતિહાસિક વિશેષ આકર્ષણો સાથે દાહોદ શહેરમાં આઠમી શ્રી રામયાત્રા નિકળશે

(પ્રતિનિધિ) દાહોદ, તા.24

દાહોદ શહેરમાં ભગવાન શ્રી રામના પાવન જન્મોત્સવ નિમિતે સંસ્કાર સોશ્યલ ગ્રુપ તથા શ્રી રામયાત્રા આયોજન સમિતિ દ્વારા ભવ્ય આઠમી શ્રી રામયાત્રાનું આયોજન તા. 26 માર્ચ 2026 ગુરુવાર ના રોજ કરવામાં આવ્યું છે જે રાજ રાજેશ્વર રાજસ્થાન પંચાયત ભવન, ઠક્કર ફળીયા થી નિકળનાર છે.

જેમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ વિશેષ ઝાકીઓ નો સમાવેશ કરવામાં આવ્યો છે જે શહેરવાસીઓ માટે અનોખો ધાર્મિક અને સાંસ્કૃતિક અનુભવ બની રહેશે. આ વર્ષે શ્રી રામયાત્રામાં મધ્યપ્રદેશ અને રાજસ્થાનના પ્રખ્યાત કલાકારો દ્વારા "સાંવરીયા શેઠ"ની વિશેષ ભવ્ય ઝાંખી ભક્તો માટે વિશેષ આકર્ષણ બનશે, ઉપરાંત, ભારતભરના પ્રસિદ્ધ મંદિરોનું એક સાથે દર્શન કરાવતી અદભુત ઝાંખી, ભારતીય સંસ્કૃતિની ગુરૂકુલ પ્રથા આધારિત ઝાંખી જેમાં ભગવાન શ્રીરામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્નના શિક્ષાકાળના દ્રશ્યો જીવંત રીતે દર્શાવવામાં આવશે, દક્ષિણ ભારતના પવિત્ર રામેશ્વરમ તીર્થ આધારિત વિશેષ ઝાંખી, યાત્રાનું મહત્વપૂર્ણ આકર્ષણ રહેશે. શહેરના મુખ્ય રાજમાર્ગો હિન્દુ ધર્મના મહાશક્તિશાળી પ્રતિકો અને ભગવા ધ્વજ દ્વારા ભવ્ય રીતે સજાવવામાં આવ્યું છે. જે સમગ્ર યાત્રાને આધ્યાત્મિક તેજ આપશે.